ગાંધીનગર સમાચાર

શહેરમાં હવે હેન્ડગ્લોઝ પહેરેલા હાથે પાણીપુરી પિરસાશે

# ગાંધીનગર ખાતે ડિજીટલ પેમેન્ટ જન જાગૃતિ રેલી યોજાઇ




ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર, લીડબેંક ( દેનાબેંક) અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આજ રોજ ડિજીટલ પેમેન્ટ માટેની પધ્ધતિઓ અંગેની જાગૃતિ લાવવા માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી પ્રવિણભાઇ પટેલ અને જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ પણ જોડાયા હતા. આ રેલી ગાંધીનગર મહાનગરપાલિકા સંકુલ થી ઘ-૩ સર્કલ થઇ પાછી ગાંધીનગર મહાનગરપાલિકા સંકુલમાં આવી હતી. આ રેલીમાં ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકારીઓ તથા કર્મચારીઓ સહિત જિલ્લાના વિવિધ અગ્રણીઓ જોડાયા હતા.

આ રેલી નક્કી કરેલા માર્ગ પર મારો મોબાઇલ મારી બેંક, બેંકનો આધાર આધારકાર્ડ જેવા સૂત્રોચારો કરતી અને હાથમાં પ્લેકાર્ડ લઇ ફરી હતી. આ રેલીમાં લીડ બેંક દ્વારા ડિઝિટલ પેમેન્ટની જાગૃતિ આપતા હેન્ડબિલનું પણ રાહદારીઓ અને નગરજનોને વિતરણ કર્યો હતા.

આ રેલીમાં ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી મનુભાઇ પટેલ, મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર શ્રી બારૈયા, મેડીકલ ઓફિસર શ્રી દિનેશ બારોટ, નાયબ કલેકટર શ્રી વેગડા સહિત મોટી સંખ્યામાં કર્મચારીઓ જોડાયા હતા.

## @ગાંધીનગર

● વંદે માતરમ પરિવાર દ્વારા પૂનમબેન જાનીના નિવાસસ્થાને પ્લોટ નં. ૪૯૯/૧, સે-૨૮ ગાંધીનગર ખાતે સાંજે ૪ થી ૬ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● સે-૨૮ નવરાત્રી ચોક શોપીંગ સેન્ટર સામે, અંબાજી મંદિર ખાતે બપોરે ૧.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન શિવકથા યોજાશે.

● સમદર્શન આશ્રમ તથા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા પુ. ગુરૂમા સમાનંદ સરસ્વતીજીના શ્રીમુખે કર્મયોગ વિષય પર જીવનોપયોગી "ગીતાજ્ઞાન" સાંજે ૬.૩૦થી ૮.૦૦ કલાક દરમિયાન સે. ૧૨ ઉમિયા માતાજી મંદિર હોલ ખાતે યોજાશે.

● બાલવા ખાતે બારમા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ બપોરે ૧૨.૩૦ કલાકે થશે.

● પ્રજાપિતા બ્રહ્માકુમારી પરિવાર તરફથી સે-૨૮ પ્રાથમિક શાળા નં. ૧ ખાતે ધો-૫ થી ૭ના વિદ્યાર્થીઓ માટે દરરોજ ૧ કલાક વેલ્યુ એજયુકેશનના વર્ગો શરુ કરવામાં આવનાર છે.

# ઊર્જા બચાવો ચિત્ર સ્પર્ધા-જન જાગૃતિ રેલી યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા)ના સહયોગથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં છેલ્લા દસ વર્ષથી 'બાલ ઊર્જા રક્ષક દળ' કાર્યક્રમ ચાલી રહ્યો છે. વિદ્યાર્થીઓ નાનપણથી જ ઊર્જા બચાવવા પ્રત્યે સંવેદનશીલ બને, બીન જરૂરી ઊર્જાનો વ્યય થતો અટકાવી શાળામાં, ઘરમાં તેમજ સમાજમાં ઊર્જા બચાવવા પ્રત્યે સભાનતા જગાવે તે આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે. આ કાર્યક્રમ અંતર્ગત વર્ષ દરમિયાન એનર્જી ઓડિટ, ઊર્જા રેલી, ચિત્ર સ્પર્ધા, ઊર્જા રમતો વગેરે પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે.

બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમના ભાગરૂપે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા. ૨૨મી ડિસેમ્બરના રોજ ઉમિયા મંદિર, સે-૧૨ ખાતે 'ઊર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ગાંધીનગર શહેર વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તારની ૬૫ પ્રાથમિક તેમજ ઉચ્ચતર પ્રાથમિક શાળાના ધોરણ-૫ થી ૮નાં ૨૬૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ સ્પર્ધાના વિષયોમાં ઊર્જા બચત, પરંપરાગત ઊર્જા સ્ત્રોતો, બીન પરંપરાગત ઊર્જા સ્ત્રોતો જેવા વિષયો રાખવામાં આવ્યા છે.

આ સ્પર્ધામાં ધો-૫ થી ધો-૮ એમ દરેક ધોરણમાં પ્રથમ વિજેતાને રૂ. ૫૦૦૦, દ્વિતીય વિજેતાને રૂ. ૩૦૦૦ અને તૃતીય વિજેતાને રૂ.૧૦૦૦ રોકડા અને પ્રમાણપત્ર આપવામાં આવશે. વિદ્યાર્થીઓને કુલ રૂ. ૩૬૦૦૦ના ઈનામો આપવામાં આવશે. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ ઉપરાંત તા. ૨૪મી ડિસેમ્બર શનિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે શ્રીમતી આ.જી. પટેલ કન્યા વિદ્યાલય, સે-૨૩ ખાતે 'ઊર્જા સંરક્ષણ જન જાગૃતિ રેલી' યોજાશે. આ રેલીમાં મુખ્ય મહેમાન તરીકે પ્રવિણભાઈ પટેલ-મેયર ગાંધીનગર મહાનગર પાલિકા, અશોકભાઈ પટેલ-ધારાસભ્ય, જી.ટી. અખાણી-નિયામક જેડા, ડૉ. નિપાબેન ડી. પટેલ-શાસનાધિકારી, ડૉ. સોમભાઈ પટેલ-કેમ્પસ ડાયરેકટર કડી કેમ્પસ, ડૉ. અનિલભાઈ કે. પટેલ-મેનેજીંગ ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર, સુધાબેન પટેલ-આચાર્ય આર.જી. કન્યા વિદ્યાલય ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે.

આ રેલીમાં ગાંધીનગર શહેર વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તારની ૬૫ શાળાઓના ૧૬૫૦ વિદ્યાર્થીઓ તેમજ ૧૦૦ જેટલા શિક્ષકો ઉપસ્થિત રહેશે. આ રેલી આર.જી. કન્યા વિદ્યાલય સે-૨૩થી શરૂ થઈ ઘ-૫, ઘ-૪ ટાઉનહોલ ખાતે પહોંચશે.

આ રેલીમાં જોડાવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટરના કો. ઓર્ડીનેટર હાર્દિક મકવાણા દ્વારા ગાંધીનગરના વસાહતીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




ગાંધીનગરની મ્યુઝિકલ સંસ્થા 'સ્મિત મ્યુઝીક' અને જે.સી.આઈ. (જુનીયર ચેમ્બર ગાંધીનગર)ના સહયોગથી એક સંગીતસભર કાર્યક્રમ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજાઈ ગયો. 'રાજ તેરી યાદ' શિર્ષક હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં ભારતીય હિન્દી ફિલ્મ જગતના 'શૉ મેન રાજકપૂર'ના સુપરહીટ ગીતો તેમજ નવા ફિલ્મી ગીતોની સુંદર રજુઆત 'કેરીઓકે' સીસ્ટમ દ્વારા કરવામાં આવી હતી. નગરનાં જ સ્થાનિક કલાકારો દ્વારા રજુ કરવામાં આવેલ આ સંગીતસભર કાર્યક્રમને હાજર પ્રેક્ષકોએ મન ભરી માણ્યો હતો અને સરાહના કરી હતી. આવો સરસ કાર્યક્રમ ટાઉનહોલમાં કેમ ન થયો તેવી લાગણી પણ વ્યકત કરાઈ હતી.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લામાં શિક્ષણ બોર્ડ માન્ય શાળાઓમાં બોર્ડ અધિકૃત સિવાયનો અભ્યાસક્રમ ચલાવતી શાળાઓને તાજેતરમાં નોટીસ ફટકારવામાં આવી છે. આ શાળાઓની બુધવારે સવારે ૧૧ કલાકે શિક્ષણ વિભાગ દ્વારા વિડીયો કોન્ફરન્સનું આયોજન કર્યું છે જેમાં તેમનો ખુલાસો માંગવામાં આવશે.

● વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને શહેરમાંથી તમામ હંગામી દબાણો દૂર કરવા કવાયત હાથ ધરાઈ છે. આ ઉપરાંત સે-૬માં બાલનગરી મેદાન ખાતે પૂર્વ મંજૂરી લઈ ઉભા કરાયેલ હંગામી બજારો જેવા કે તિબેટિયન સ્વેટર બજાર વગેરે તમામને પણ સંકેલી લેવા ફરજ પડાઈ છે.

● કલેકટર કચેરીની સામેના માર્ગે ઓફિસ છુટવાના સમયે એક નાનો અકસ્માત સર્જાયો હતો. રશ અવરમાં યોજાયેલ અકસ્માતના કારણે મુખ્ય માર્ગ પર ટ્રાફિક જામ થવાની સમસ્યા સર્જાઈ હતી.

## સરકારી પ્રા. શાળા સે-૨ ખાતે કચરીયાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૦

સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨ ગાંધીનગરમાં બાળકોને ઈલિયાસભાઈ તરફથી શિયાળાના પૌષ્ટિક વસાણું કચરીયાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં ઉષાબેન ઠકકર, પારૂલબેન તથા ભાનુબેન ઠકકરે હાજરી રહી સાથ સહકાર આપ્યો હતો.

## સિનિયર સિટીઝન્સ કાઉન્સીલની મહિલા પાંખની ૨૨મીએ બેઠક

ગાંધીનગર, તા.૨૦

સિનિયર સિટિઝન કાઉન્સીલની ગાંધીનગરની મહિલા પાંખની મીટીંગ અને ઉજાણી તા. ૨૨-૧૨-૨૦૧૬ ગુરુવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે ટાઉનહોલની સામે આવેલા સ્વર્ણિમ પાર્કમાં રાખવામાં આવેલ છે તો સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ, ગાંધીનગરની મહિલા પાંખની બહેનોએ સમયસર મિટિંગમાં હાજર રહેવા વિનંતી છે.

## ગાંધીનગરના બાબુભાઈ ખૈરને ખેલકુદ ચેમ્પિયનશીપમાં રજત ચંદ્રક

ગાંધીનગર જિલ્લા તિજોરી કચેરીના ૫૩ વર્ષીય નાયબ હિસાબનીશ તરીકે ફરજ બજાવતા શ્રી બાબુભાઈ ભગાભાઈ ખૈરે તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ ૩૬મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિક ચેમ્પિયનશીપમાં



૮૦૦ અને ૧૫૦૦ મીટરની દોડ સ્પર્ધામાં દ્વિતીય નંબરે આવીને રજતચંદ્રક પ્રાપ્ત કર્યો છે. તેમણે ૮૦૦ મીટરની દોડની સ્પર્ધા ૩.૧૦ મિનિટમાં અને ૧૫૦૦ મીટર દોડની સ્પર્ધા ૬:૪૮.૫ મિનિટમાં પૂર્ણ કરી હતી.

શ્રી બાબુભાઈ ખૈરે ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસ એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ચંડીગઢ, ભોપાલ, બેંગ્લોર, પૂના તેમજ અન્ય રાજયો ખાતે ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. પોરબંદર ખાતે ૨૦૧૪માં ગુજરાત સ્ટેટ એથ્લેટિક ચેમ્પિયનશીપ અંતર્ગત એથ્લેટિક્સ દોડ સ્પર્ધા- ૮૦૦ મીટરમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. ૫૩ વર્ષીય બાબુભાઈ બેઠાડુ જીવનશૈલી કે શારિરીક તંદુરસ્તી તેમજ ચુસ્તી પ્રત્યે ઉદાસીનતાના કારણે અનેક નવીન બિમારીઓથી ઘેરાયેલા આજકાલના યુવાનો અને જે મોટી ઉંમરને એક મર્યાદા સમજે છે, તેમના માટે પ્રેરણાદાયી બન્યા છે.

## સંરક્ષક દળોની મોટર સ્પર્ધામાં બીએસએફ ગુજરાત ફ્રન્ટિયર બીજા વર્ષે ચેમ્પિયન





ગાંધીનગર, તા.૨૦

સીમા સુરક્ષા દળના ગાંધીનગર ખાતેના ફ્રન્ટિયર ગુજરાત એકમે સતત બીજા વર્ષે 'ફોર્સ કક્ષાની પરિવહન સ્પર્ધા' જીતી લીધી છે. આ સ્પર્ધા જીતીને બીએસએફના ફ્રન્ટિયર ગુજરાત એકમે રાષ્ટ્રીય સંરક્ષણ દળોની કક્ષામાં નામના મેળવી એકમનું ગૌરવ વધાર્યું છે.

મધ્યપ્રદેશના ટેકનપુર ખાતે બીએસએફ એકેડેમી ખાતે દર વર્ષે 'પરિવહન સ્પર્ધા' યોજવામાં આવે છે. આ સ્પર્ધા સુરક્ષા દળો માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ આ સ્પર્ધા ટેકનપુર ખાતે યોજવામાં આવી હતી જેમાં સતત બીજા વર્ષે ફ્રન્ટિયર ગુજરાતની ટીમ પ્રથમ ક્રમાંકે વિજેતા બની છે. આ સ્પર્ધામાં ત્રણ પ્રકારના વાહનો જેવા કે મોટર સાયકલ, જીપ્સી કાર તથા ભારે વાહન ટ્રકની સ્પર્ધા યોજવામાં આવે છે. આ વર્ષે ફ્રન્ટિયર ગુજરાતની ટીમ તૈયાર કરવાની જવાબદારી પરિવહન ડીસી નરપાલસિંહ મહલાવતને સોંપવામાં આવી હતી. તેમની આકરી મહેનત અને સફળ નેતૃત્વના કારણે ફ્રન્ટિયર ગુજરાતની ટીમે સતત બીજીવાર સ્પર્ધા જીતવામાં સફળતા મેળવી છે. ફ્રન્ટિયર ગુજરાત ટીમના સીટી મનિષકુમારે ભારે વાહન તથા સીટી નંદારામે મારુતી જીપ્સી કારની શ્રેણીમાં ગોલ્ડ મેડલ જીતી ટીમની વિજેતા ટ્રોફી જાળવી રાખી હતી.

ગુજરાત ફ્રન્ટિયરની પરિવહન સ્પર્ધાની સફળતા પર બીએસએફના મહાનિરિક્ષક અજયકુમાર તોમરે અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે તેમણે ડીસી નરપાલસિંહ મહલાવતને કુશળ નેતૃત્વ માટે તેમને આઈજીસીસી તથા ટીમના સભ્યો, ઈન્સ્ટ્રકટર સ્ટાફને પણ આઈજી સીસી સાથે તમામને રોકડ પુસ્કારથી સન્માનિત કરી તેમનો જુસ્સો વધાર્યો હતો.

## વિશ્વકર્મા સેવા સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૦

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરની અસાધારણ સભા ચેરીટી કમિશનરની યોજના ૨૦/૨૦૧૩ અંતર્ગત ચર્ચા વિચારણા કરવા માટે આગામી તા. ૧-૧-૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧ કલાકે શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરમાં હોલમાં રાખવામાં આવેલ છે. સર્વે સભાસદોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખ બિપીનભાઈ ગજ્જરે અનુરોધ કર્યો છે.

# સુઘડ કેનાલ પાસે ગાડી પલ્ટી ખાઈ જતા એક યુવાનનું મૃત્યુ

### રાત્રે કુતરું આડુ આવતા ગાડી ચાલક યુવાને સ્ટીયરીંગ ફેરવી દેતા ગાડી પલ્ટી મારી ગઈ : બે ઘાયલ

ગાંધીનગર, તા.૨૦

ચિલોડા નજીક આવેલા લવારપુર ગામનો યુવાન સ્વિફ્ટ ડીઝાયર ગાડી લઈને ગઈ રાત્રે કોબા નજીક સ્થિત સુઘડ નર્મદા કેનાલ રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. રાત્રે અંધારામાં અચાનક એક કૂતરું આડુ આવતા યુવાને ગાડીનું સ્ટીયરીંગ ફેરવી નાંખતા ગાડી પલ્ટી મારી ગઈ હતી અને આ અકસ્માતમાં લવારપુરના યુવાનનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ ઘટનામાં ગાડીમાં સવાર બે વ્યકિત ઘાયલ થયા છે. અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ચિલોડા નજીક આવેલા લવારપુર ગામમાં રહેતા યુવાન કૃણાલભાઈ ભરતભાઈ પટેલ ગઈ રાત્રે સાડા દશ વાગ્યાના અરસામાં તેમની સ્વિફ્ટ ડિઝાયર ગાડી નં. જી.જે. ૧ કે.એલ. ૮૩૮ લઈને સુઘડ-કોબા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. અચાનક અંધારામાં રોડ પરથી કુતરું પસાર થયું અને કૃણાલનું ધ્યાન પડતા તેણે ગાડીનો શોર્ટ બ્રેક લગાવી કુતરાને બચાવવા સ્ટીયરીંગ ફેરવી દેતા ગાડી પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતા કૃણાલ ભરતભાઈ પટેલનું કરૂણ મૃત્યુ નિપજયું હતું જયારે બેને ઈજા થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. અડાલજ પોલીસે ગાડી ચાલક મૃતક કૃણાલ પટેલ સામે પ્રિન્સ નિખિલભાઈ પટેલની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને પીએસઆઈ પી.સી. સરવૈયાએ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# શહેરમાં હવે હેન્ડગ્લોઝ પહેરેલા હાથે પાણીપુરી પિરસાશે

### ગૂંજ ફાઉન્ડેશનના યુવાનોનું 'સ્વસ્થ ગાંધીનગર' માટે પ્રેરક કદમ : શહેરના પાણીપુરીની લારી-ખૂમચાવાળાઓને નિઃશુલ્ક હેન્ડગ્લોઝનું વિતરણ કરી તેના ઉપયોગ તથા મહત્વ અંગે માહિતગાર કર્યા

ગાંધીનગર, તા.૨૦

તાજેતરમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના સેવાભાવી યુવાનોને સાથે રાખીને 'સ્વચ્છ ગાંધીનગર' અંતર્ગત સ્વચ્છતા મોબઈલ એપ લોન્ચ કરી છે જેને ખૂબ જ ઉમળકાભેર પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. હવે શહેરના સેવાભાવી યુવાનોઓએ તેમની દૂરંદેશીનો પરિચય આપતા 'સ્વચ્છ ગાંધીનગર' બાદ 'સ્વસ્થ ગાંધીનગર'નો સંકલ્પ હાથ ધર્યો છે. આ અંતર્ગત 'સ્વસ્થ ગાંધીનગર'ના પહેલા ચરણમાં શહેરમાં પાણીપુરી વેચતા ખૂમચાવાળાઓને વિના મૂલ્યે હેન્ડગ્લોવ્ઝનું વિતરણ કરી તેના ઉપયોગ અને ફાયદાઓ સમજાવ્યા છે.

ગૂંજ ફાઉન્ડેશનના સેવાભાવી યુવાનોએ તા. ૧૯મી ડિસેમ્બર સોમવારે સાંજે ૫.૦૦ વાગ્યાથી હાથ ધરેલ 'સ્વસ્થ ગાંધીનગર' પ્રોજેકટ અંતર્ગત શહેરના મુખ્ય ખાણીપીણીના બજારો જેવા કે સે-૧૬, ઘ-૫ ફૂડકોર્ટ, સે-૨૧ સહિત અનેક સ્થળે પાણીપુરીના વિક્રેતાઓને હેન્ડગ્લોવ્ઝનું વિતરણ કર્યું હતું. આજના યુગમાં દિન પ્રતિદિન સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધતી જાય છે અને ખાણીપીણીના શોખીને હવે 'હાઈજીન' ફુડનો આગ્રહ રાખી રહ્યાં છે. જો કે હજુ પણ શહેરના



ખાણીપીણીના વિક્રેતાઓ જેમાં ખાસ કરીને લારી-ખૂમચાવાળા વેપારીઓ તથા નાની રેસ્ટોરન્ટ, ધાબા કે હોટલના વેપારીઓ 'હાઈજીન' અંગે જોઈએ તેટલા જાગૃત નથી. ગંદકીયુકત ખાણીપીણીની લારીઓ તથા હાથ ગ્લોવ્ઝ પહેર્યા વગર ખાદ્ય પદાર્થોનું વિતરણ કરતા આ વેપારીઓને કારણે નગરજનોનું સ્વાસ્થ્ય જોખમમાં મુકાય છે અને ચેપી બિમારીઓનો ચેપ ઝડપથી પ્રસરે છે. ગૂંજ ફાન્ઉડેશનના યુવાનોએ આ બાબતે એક પ્રસંશનીય ઉદાહરણ પ્રસ્તુત કરતા શહેરના ખાણીપીણીના લારીઓ તથા ખૂમચાવાળાઓને 'હાઈજીન' અંગે જાગૃત કરી તેમને ખાદ્યસુરક્ષાના પગલાં અપનાવવા પ્રેરિત કરવાનું કાર્ય હાથ ધર્યું હતું.

પાણીપુરી એ શહેરના ખાણીપીણીના શોખીનોની ખુબ જ પ્રિય વાનગી છે જેમાં મહિલાઓ તથા બાળકોને પાણીપુરીનો ચટકો વધુ પસંદ આવે છે. ગંદા હાથેથી પાણીપુરી બનાવી પીરસવાને કારણે આ તમામના સ્વાસ્થ્ય પર ગંભીર ખતરો ઉભો થઈ રહ્યો છે. જેને અનુલક્ષીને ગૂંજ ફાન્ઉડેશનના યુવાનોએ જાગૃતિ આણવાનું બીડું ઉઠાવ્યું હતું. શહેરના પાણીપુરીની લારીઓ તથા ખૂમચાવાળાઓને વિના મૂલ્યે હેન્ડગ્લોવ્ઝનું વિતરણ કરી તેના ઉપયોગ અને મહત્વ અંગે સમજણ પુરી પાડી હતી. આ કાર્યમાં જે તે વિસ્તારના કોર્પોરેટર્સ સહિત યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતાં.

# ખેડૂત બજારની સફળતા માટે પ્રચાર-પ્રસાર જરૂરી

### તંત્ર આ અંગેની વિસ્તૃત માહિતી શહેરીજનોને પૂરી પાડે તેવું ઈચ્છતા ખેડુતો : ગ્રાહક અને ખેડૂતનો સંતોષ એજ સરકારનો ધ્યેય

ગાંધીનગર, તા.૨૦

સરકારે ખેડુતોના હિતમાં રાજયભરમાં ખેડૂત-ગ્રાહક બજાર દર રવિવારે યોજવાનો નિર્ણય કરેલ છે. જે અન્વયે છેલ્લા બે રવિવારથી ગાંધીનગરમાં વિવિધ શાક માર્કેટમાં ખેડુતો શાકભાજી લાવીને નીચા ભાવે શહેરીજનોને વેચાણ કરી રહ્યા છે. જો કે સરકારના આ મહત્વના આયોજનની મોટા ભાગના શહેરીજનોને વિસ્તૃત ખબર નથી જેમ હજુ સુધી ખેડુતો સુધી શહેરીજનોની બહોળી સંખ્યા પહોંચી નથી. તંત્ર શહેરમાં ખેડુત ગ્રાહક બજારની વ્યાપક અને વિસ્તૃત માહિતી ઘેર ઘેર પહોંચતી કરે તેવું ખેડુત વર્ગ ઈચ્છી રહ્યો છે. જે કારણે ખેડુત અને ગ્રાહકને સંતોષ ઉભો થાય તો જ સરકારનો ધ્યેય સિધ્ધ થાય તેવું સંજોગો આધિન લાગી રહ્યું છે.

ખેત પેદાશોના ભાવ તળીયે જતા ખેડુત વર્ગ બેહાલ બન્યો છે તેમજ વચેટીયા મારફત શાકભાજીના વેચાણમાં પણ ખેડુતોને ભારે નુકશાન સહન કરવાનો વારો આવ્યો હતો. આ તમામ પરિબળોને ધ્યાને લઈ સરકાર દ્વારા ખેડુતોના હિતમાં રાજયભરના વિવિધ કેન્દ્રો ઉપર ખેડુત ગ્રાહક બજાર ઉભુ કરી રવિવારના રોજ ખેડુતો સીધા જ પોતાનું ઉત્પાદન ગ્રાહકને વેચાણ કરી કે તેવું આયોજન હાથ ધરાયું છે. જેમાં પ્રાથમિક તબક્કે જ ખેડુતો અને ગ્રાહકોને ફાયદો જણાઈરહ્યો છે. પરંતુ શહેરમાં વસતા નાગરિકો આવા આયોજનની માહિતીથી વાકેફ ન હોવાથી હજુ સુધી ખેડુતો પાસે શાકભાજી લેવા જઈ શકતા નથી. સરકાર અને સ્થાનિક તંત્ર આ અંગે જાગૃતિ ફેલાવવા શહેરમાં ઘેર ઘેર ખેડુત-ગ્રાહક બજારની વાર, સમય, સ્થળ અને ફાયદા અંગેની માહિતી પહોંચાડે તેવું ખેડુત વર્ગ ઈચ્છી રહ્યો છે. સરકારના આ સરાહનીય પ્રયાસ થકી ખેડૂતોને પોતાની ઉપજનો પોષણક્ષમ ભાવ મળી રહેવાની અપેક્ષા છે તો બીજી તરફ ગ્રાહકો પણ નીચા ભાવે શાકભાજી મળી રહેતા અત્યાર સુધી એક હથ્થુ શાસન ચલાવતા શીકભાજી વેપારીઓની મનમાનીથી છુટકારો મળવાનો સંતોષ વ્યકત કરી રહ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. કમુબેન અંબાલાલ પટેલ, ઉ.વ. ૮૨
- સ્વ. જયંતિલાલ માનચંદદાસ સોની, ઉ.વ. ૭૬